સ્વ. મહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી ગણિ વિરચિત

# विजयोल्लासमहाकाव्य (એક અજ્ઞાત કૃતિનો ટૂંક પરિચય)

લેખક; પૂજ્ય **મુનિરાજ શ્રી યશોવિજયજી**

**સત્તરમી** સદીના ઉત્તરાર્ધમાં જન્મેલા અને અઢારમી સદીના લગભગ મધ્ય ભાગે દિવંગત થએલા, ષડ્દર્શનવેત્તા, ન્યાયવિશારદ, ન્યાયાચાર્ય મહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી મહારાજે પોતાના જીવન દરમિયાન વિવિધ વિષયના સેંકડો ગ્રન્થો સંસ્કૃત, પ્રાકૃત, રાજસ્થાની અને ગુજરાતી—એ ચારે ભાષામાં રચ્યા હતા. આમ છતાં અત્યારે તો એમના ગ્રંથો અતિપરિમિત સંખ્યામાં ઉપલબ્ધ થાય છે. તેઓશ્રીને કાળધર્મ પામે હજી પૂરાં ત્રણસો વરસનો ગાળો પણ નથી વીત્યો, છતાં એમની સેંકડો કૃતિઓ અનુપલબ્ધ બની જાય એ દુઃખદ તેમ જ રહસ્યમય ઘટના છે.

જોકે હજુ ઘણા જૈન જ્ઞાનભંડારો પૂરી ચોકસાઈથી જોવાયા નથી. આજે હસ્તપ્રતિઓનો વપરાશ શ્રમણસંઘમાં પાંચ ટકા જેટલો પણ રહ્યો નથી. એના પરિણામે જ્ઞાનભંડારો જોવાની તકો ક્યાંથી ઊભી થાય? આજે તો હસ્તપ્રતિઓની લિપિ ઉકેલવાનું પણ દુરુહ થતું જાય છે. એટલે જ્યારે અધિકૃત વ્યક્તિઓની નજરે અણખોજ્યા[1] ભંડારો ઝીણવટથી તપાસાશે ત્યારે, સંભવ છે કે, બીજી થોડીઘણી કૃતિઓ પ્રાપ્ત થયા વિના નહીં રહે.

આ સાલમાં જ થોડા વખત પહેલાં સૌરાષ્ટ્રમાં જૂનાગઢ શહેરના જ્ઞાનભંડારની ખોજ કરતાં પ્રાપ્ત થએલી એક નાનકડી અને અપૂર્ણ છતાં અત્યાર સુધી અપ્રાપ્ત તેમ જ અજ્ઞાત કૃતિનો અલ્પ પરિચય કરાવવા માટે આ લેખ લખું છું. "શ્રી યશોભારતી જૈન પ્રકાશન સમિતિ"ના પ્રથમ પુષ્પ તરીકે પ્રસિદ્ધ થએલી મહોપાધ્યાયજીકૃત સ્વોપજ્ઞ **ઐન્દ્રસ્તુતિની** પ્રસ્તાવનામાં મહોપાધ્યાયજીકૃત ઉપલબ્ધ, અનુપલબ્ધ, પૂર્ણાપૂર્ણ ગ્રન્થોની જે યાદિ પ્રગટ કરી છે, એમાં આ કૃતિની નોંધ લેવામાં આવી નથી. કારણ કે અદ્યાવધિ પ્રાપ્ત

---

૧. ઉદાહરણ તરીકે અમદાવાદના ડેલાના ઉપાશ્રયના ભંડારનું નામ સૂચવી શકાય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

યાદીઓમાં કે ગ્રન્થોમાં આ ગ્રન્થનો ઉલ્લેખ જોવા મળ્યો નથી. આથી સમજાય છે કે એઓશ્રીએ વિધવિધ ક્ષેત્રે અવનવી કેટલીયે કૃતિઓની રચના શરૂ કરી હશે, અને એક યા બીજા કારણે તે અપૂર્ણ રહી હશે. એમાં જે કૃતિ પોતાના પ્રારંભની જેમ જ પોતાનો અન્ત જોવાનું સદ્ભાગ્ય ધરાવતી હશે તેણે પોતાનો અન્ત જોયો હશે; અને એવું ભાગ્ય ન ધરાવનારી ઘણીયે કૃતિઓ એમ ને એમ અધૂરી જ રહી હશે. ઉપર સૂચવ્યું તેમ જૂનાગઢમાંથી મળી આવેલી આવી જ એક અલ્પપુણ્યક કૃતિનું નામ છે–**विजयोल्लासमहाकाव्य.**

ખુશનસીબીની વાત એ છે કે આ કૃતિ ખુદ ઉપાધ્યાયજીના પોતાના હસ્તાક્ષરમાં જ લખાયેલી મળી આવી છે. આ કૃતિની હસ્તપ્રતિ, ઉપર કહ્યું તેમ, જૂનાગઢ જૈનસંઘના જ્ઞાનભંડારની છે. પોથી નં. ૧૦૫૪, અને પ્રતિ નં. ૩૮૮ છે. આ કૃતિ શોધી કાઢવાનું સૌભાગ્ય મુનિવર શ્રી ધુરંધરવિજયજીને પ્રાપ્ત થયું છે. તેઓશ્રીએ એ કૃતિ અમદાવાદ મારા પરમ આત્મીય જન, પૂજ્ય આગમપ્રભાકર મુનિવર શ્રી પુણ્યવિજયજી મહારાજને મોકલી; તેઓશ્રીએ તેની ફોટોસ્ટેટ કોપી મને મોકલાવી.

આ પ્રતિનાં પાનાં પાંચ છે. પાંચમું પાનું અડધું લખાયેલું છે. એમાં બીજા સર્ગનો ૬૫મો શ્લોક પૂરો લખાયા પછી આગળનું કામ પડતું મુકાયું છે. દરેક પાનામાં ૧૫થી ૧૮ પંક્તિઓ છે. શ્લોકોની રચના ઉપજાતિ છંદમાં કરેલી છે.

ગ્રન્થનો વિષય ચરિત્ર છે. આ ચરિત્ર જગદ્ગુરુ શ્રીમદ્ વિજયહીરસૂરીશ્વરજી મહારાજની પાટે આવેલા મહર્ષિ આચાર્ય શ્રી વિજયસિંહસૂરિ મહારાજશ્રીનું છે, જેઓ શ્રી વિજયદેવસૂરિની પાટે આવેલા હતા.

આ હસ્તપ્રતનો બાહ્ય પરિચય જોયો; હવે એનું આછું આંતર દર્શન કરીએ—

જૈન પ્રણાલિકા મુજબ (પ્રાયઃ) ૯૬૦નો મંગલ અંક ટપકાવી તુરત જ ॥ ऐं **नमः** ॥ લખી, સકલભટ્ટારકશિરોમણિ ભટ્ટારક શ્રી ૫ વિજયદેવસૂરીશ્વરજી મહારાજને નમસ્કાર કર્યો છે. પછી ગ્રન્થારંભ કર્યો છે.

પ્રથમના ત્રણેય શ્લોકોના પ્રારંભમાં અનુક્રમે : (૧) **ऐँकारसार,**[1] (૨) **ऐन्द्रं प्रकाशं**[2] (૩) **ऐँकारमाराधयताम्**[3] । આ પ્રમાણે ऐँ બીજથી સંયોજિત શબ્દોનો પ્રયોગ કર્યો છે.

અહીંયા સમજવા જેવી બાબત એ છે કે, ઉપાધ્યાયજી ભગવંતની અદ્યાવધિ પ્રાપ્ત તમામ કૃતિઓ, પછી તે સ્વહસ્તાક્ષરી હોય કે પરહસ્તાક્ષરી હોય, એ સહુના પ્રારંભમાં માત્ર આદિના એક જ શ્લોકના પ્રારંભમાં સરસ્વતીમંત્રના બીજભૂત ગણાતા ऐँ બીજથી

---

૧. ऐँकारसारस्मृतिसंप्रवृत्तैर्वृत्तैः सुवृत्तैः पटुगीतकीर्तिः ।
मदंतरायव्ययसावधानः श्रियेऽस्तु शंखेश्वरपार्श्वनाथः ॥ १ ॥

૨. ऐन्द्रं प्रकाशं कुरुतां ममोद्यन्महारयादेव सरस्वतीयम् ।
सदाहितानां तनुते हितं या, पुंसां पवित्रा सकलाधिकारम् ॥ २ ॥

૩. ऐँकारमाराधयतां जनानां, येषां प्रसादः परमोपकारी ।
तेषां गुरूणां चरणारविंद–रजःपरां संपदमातनोतु ॥ ३ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સંવલિત **ऐन्द्र** જેવા શબ્દનો પ્રયોગ જરૂર કર્યો છે, પણ એકથી વધુ એટલે કે બે નહીં પણ ત્રણેય શ્લોક સુધી '**ऐँ**' બીજ સહિત શબ્દપ્રયોગ કર્યો હોય તેવી આ પહેલી જ કૃતિ જોવા મળી છે.

આ પ્રસંગે વાચકોને એ યાદ આપવું યોગ્ય થઈ પડશે કે ઉપાધ્યાયજીએ કાશીમાં ગંગાના તટે બેસીને સરસ્વતીનું જે વરદાન[1] મેળવ્યું, તે સિદ્ધિ સરસ્વતીદેવીના ऐँ મંત્ર-બીજને જ આભારી હતી. અને પછી તો જાણે એનું ઋણ ચૂકવવા હશે કે ભક્તિ પ્રદર્શિત કરવા કહો, પણ એ બીજને[2] દરેક ગ્રંથના મંગલાચરણના આદિ શ્લોકમાં ગોઠવીને તેઓએ અમર બનાવી દીધું.

અહીંયા ચોથા શ્લોકની રચનામાં સમાન કક્ષાના યમક પ્રકારના ભાષાપ્રયોગો કરીને રચનાકૌશલ્યનું દર્શન કરાવી, કર્તાએ કાવ્યરચના ઉપરનું પોતાનું પ્રભુત્વ ખ્યાત કર્યું છે. આ રહ્યો તે શ્લોકનો પૂર્વાર્ધ—

न्यूनाधिकाभ्यां शशिभानुमद्भ्यां,<br>
ताभ्यामुभाभ्यां किलकुण्डलाभ्यां ।

ત્યાર બાદ દશમા શ્લોકમાં પોતે જેઓશ્રીના ચરિત્રનું વર્ણન કરવાનો પ્રારંભ કરે છે તે **વિજયસિંહસૂરીશ્વરજી** નામનો ઉલ્લેખ કરે છે.

પહેલો સર્ગ ૧૦૨ શ્લોકો વડે પૂર્ણ કરાયો છે. ત્યાં અંતમાં કેટલાક શ્લોકો વિવિધ છંદમાં આપી ગ્રન્થનું ગૌરવ વધાર્યું છે.

આ સર્ગ જ્યાં પૂરો થાય છે ત્યાં–**इति श्रीविजजोल्लासे विजयाङ्कमहाकाव्ये[3] प्रथमसर्गः॥** એમ લખીને આ કાવ્ય મહાકાવ્ય છે, અને એને વિજય શબ્દથી અંકિત કર્યું છે, એમ સૂચવ્યું છે. આ પ્રમાણે કૃતિપરિચય પૂર્ણ થાય છે.

ગોડીજી જૈન ઉપાશ્રય, મુંબઈ, વિ. સં. ૨૦૨૪

૧. સરસ્વતીની સાધના કરી વરદાન મેળવ્યાની વાત તેઓશ્રીએ પોતે જ પોતાની કૃતિઓમાં જણાવી છે.

૨. ગમે તે કારણ બન્યું હશે, પણ એકાદ બે કૃતિ અપવાદરૂપ એવી પણ છે, જેના પ્રારંભમાં '**ऐँ**' બીજ સંવલિત '**ऐन्द्र**'નો પ્રયોગ નથી.

૩. આ કાવ્યનું જે નામકરણ જણાય છે તે **विजय** ગચ્છનું સૂચક લાગે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org